# ભાવનગરની યુવા પરિણીતાએ સુરતમાં માસૂમ દીકરીની નજર સામે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## ઉમિયાધામ મંદિરના અતિથિ ભવનમાં આત્મઘાતી પગલું; ૩ મહિના પહેલાં જ બીમારીમાં પતિનું અવસાન થતાં વિરહમાં ઝૂરતી હતી મહિલા

સુરત,તા.૧૭

ભાવનગરથી દોઢ વર્ષની માસૂમ દીકરીને લઈને સુરત આવેલી ૨૨ વર્ષીય પરિણીતાએ વરાછા વિસ્તારમાં આવેલા ઉમિયાધામ મંદિરના અતિથિ ભવનમાં ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ચોંકાવનારી અને કાળજું કંપાવી દે તેવી બાબત એ છે કે, મહિલાએ જ્યારે આ આત્મઘાતી પગલું ભર્યું ત્યારે તેની દોઢ વર્ષની માસૂમ પુત્રી પણ રૂમમાં હાજર હતી અને તેની નજર સામે જ માતાએ દમ તોડી દીધો હતો.

રીના બારૈયા નામના આ મહિલા મંગળવારે ભાવનગરથી સુરત આવી વરાછા અશ્વિનીકુમાર રોડ પર આવેલા અતિથિ ભવનમાં રૂમ ભાડે રાખી રોકાઈ હતી. મંગળવારે સવારે તેણે અચાનક



રૂમમાં ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ રીનાએ તેના પરિવારના સભ્યોને ફોન કરીને જણાવ્યું હતું કે, "મેં ઝેરી દવા પી લીધી છે." આ વાત ત્યાં હાજર અતિથિ ભવનના સ્ટાફના કાને પડતાં જ હોબાળો મચી ગયો હતો. સ્ટાફ અને અન્ય સેવાભાવી લોકો તાત્કાલિક રૂમ તરફ દોડ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી રીનાને ગંભીર હાલતમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જોકે, ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડી દીધો હતો.

ઘટનાની જાણ થતાં જ અશ્વિનીકુમાર પોલીસનો કાફલો હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસને તપાસ દરમિયાન રીનાના મોબાઈલમાંથી તેની એક બહેનપણીનો નંબર મળી આવ્યો હતો, જેના પર સંપર્ક કરતાં સમગ્ર મામલાની સત્ય હકીકત અને પરિવારની વિગતો સામે આવી હતી. હાલ મૃતદેહને સ્મીમેર હોસ્પિટલના પીએમ રૂમમાં રાખવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે મૃતક રીનાના પતિ અક્ષયના પરિવારના સભ્યો ભાવનગરથી સુરત આવી પહોંચશે, ત્યારબાદ પોલીસ રીનાનો મૃતદેહ અને તેની દોઢ વર્ષની માસૂમ બાળકીનો કબજો પરિવારને સોંપશે.

### પતિના અકાળે અવસાનથી આઘાતમાં હતી પરિણીતા

મૂળ વાવ થરાદની વતની અને હાલ ભાવનગરના નારી રોડ પર કુંભારવાડા પાસે આવેલી ગીરનાર સોસાયટીમાં રહેતી રીના અક્ષય બારૈયા (ઉં.વ. ૨૨) એ ત્રણ વર્ષ પહેલાં જ અક્ષય નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક દીકરીનો જન્મ થયો હતો અને તેઓ ખુશ હતા. જોકે, માત્ર ૩ થી ૪ મહિના પહેલાં જ રીનાના પતિ અક્ષયનું ગંભીર બીમારીના કારણે અવસાન થયું હતું. પતિના અકાળ અવસાન બાદ રીના ભારે આઘાતમાં સરી પડી હતી અને સતત એકલતા અનુભવતી હોવાથી આ પગલું ભર્યું હોવાની પ્રબળ આશંકા છે.

# શહેરમાં આડેધડ ફેંકાતા બાંધકામ વેસ્ટ મામલે મ્યુ. તંત્ર કરશે પોલીસ ફરિયાદ

ભાવનગર,તા.૧૭

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના 'બાંધકામ અને ડિમોલિશન કચરો (C&D) વ્યવસ્થાપન નિયમો ૨૦૨૫' અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા અને હવાનું પ્રદૂષણ અટકાવવા માટે એક મહત્વપૂર્ણ જાહેર આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આમ છતાં, તંત્રના ધ્યાને આવ્યું છે કે ઘણા રહેવાસીઓ, કોન્ટ્રાક્ટરો અને બિલ્ડરો પોતાના ઘર કે સાઇટના રિનોવેશન અથવા બાંધકામ દરમિયાન નીકળતો કાટમાળ જેવો કે ઈંટો, સિમેન્ટના ટુકડા, પથ્થર અને ટાઇલ્સ વિગેરે જાહેર રસ્તાઓ, ફૂટપાથ, વોટર બોડી, ખુલ્લા પ્લોટ અથવા ડ્રેનેજ લાઈનોની આસપાસ ફેંકી દે છે.

આ પ્રકારનું ગેરકાયદેસર ડમ્પિંગ ચોમાસામાં પાણી ભરાવવાનું મુખ્ય કારણ બને છે. આ ઉપરાંત તેનાથી ઉડતી ધૂળ પર્યાવરણ, જાહેર આરોગ્ય અને શહેરની સુંદરતા પર અત્યંત ગંભીર અસરો પાડે છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા હવે 'ઝીરો ટોલરન્સ' નીતિ જાહેર કરવામાં આવી છે.

તાજેતરમાં તંત્રના ધ્યાનમાં આવ્યું છે કે, બોરતળાવની હદમાં કેટલાક લોકો દ્વારા બાંધકામ અને ડિમોલિશનનો કચરો નાખવામાં આવી રહ્યો છે. આ પ્રવૃત્તિને સજ્જડપણે અટકાવવા માટે મહાનગરપાલિકા દ્વારા ૨૪ કલાક ફરજ બજાવતા 'રાઉન્ડ ધ ક્લોક' ૦૨ ચોકીદારો નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સાથે જ તળાવની હદ પાસે સીસીટીવી (CCTV) કેમેરા પણ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. આ કેમેરા તથા 'નેત્રમ'ના કેમેરા નેટવર્ક દ્વારા જાહેરમાં કચરો ફેંકતા આસામીઓને ટ્રેસ કરવામાં આવશે. આવા તત્વો સામે પોલીસ ફરિયાદ સહિતની કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે પોલીસ વિભાગને પણ સત્તાવાર જાણ કરી દેવામાં આવી છે.

### નક્કી કરાયેલી આ બે સાઈટ પર જ નિકાલ કરવા તાકીદ

મહાનગરપાલિકા દ્વારા C&D વેસ્ટ જનરેટ કરતા તમામ રહેવાસીઓ, કોન્ટ્રાક્ટરો અને બિલ્ડરોને કડક શબ્દોમાં તાકીદ કરવામાં આવી છે કે, બાંધકામ કે રિનોવેશનનો કાટમાળ જાહેરમાં ફેંકવાને બદલે તંત્ર દ્વારા માન્ય રાખવામાં આવેલી સાઈટ 'ગોરડ સ્મશાન રુવાપરી રોડ' અને 'પારસીના ભીસ્તા રૂવાપરી રોડ' ખાતે જ યોગ્ય નિકાલ કરવો. જો આ નિયમોનું ઉલ્લંઘન કરીને જાહેરમાં કચરો નાખવામાં આવશે, તો મહાનગરપાલિકા દ્વારા નિયમોનુસાર ભારે દંડનીય કાર્યવાહી કરવા ચીમકી ઉચ્ચારાઈ છે.

**બોરતળાવ ખાતે સીસીટીવી કેમેરા અને ચોકીદારો ગોઠવાયા, મનપાએ નિયત કરેલી સાઈટ પર જ વેસ્ટનો નિકાલ કરવા તાકીદ**

# મહાપાલિકા હસ્તકના તળાવોમાંથી માટી અને કાપ ઉપાડી શકશે

## તળાવોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા ૩૦ જૂન સુધી મંજૂરી

ભાવનગર.તા.૧૭

હાલમાં ઉનાળાની સીઝન ચાલતી હોવાથી શહેરના વિવિધ તળાવોમાં પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે. આગામી દિવસોમાં પાણીનું લેવલ હજુ વધુ ઘટવાના કારણે તળાવોના તળ ખુલ્લા થાય તેમ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચોમાસા પહેલાં તળાવોમાંથી મહત્તમ ડીસીલ્ટિંગ (કાપ કાઢવાની પ્રક્રિયા) કરવાનું આયોજન કરાયું છે, જેથી આગામી ચોમાસામાં તળાવોની જળ સંગ્રહ ક્ષમતામાં મોટો વધારો થઈ શકે.

આ હેતુથી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે કે, જે કોઈ શહેરીજનો અથવા અન્ય જરૂરિયાતમંદોને પોતાના અંગત કે વ્યાવસાયિક કામ માટે માટીની જરૂર હોય, તેઓ આ તળાવોમાંથી તારીખ ૩૦/૦૬/૨૦૨૬ સુધી સંપૂર્ણપણે પોતાના ખર્ચે અને વિનામૂલ્યે કાપ, માટી કે મુરમ ઉપાડી શકશે.

આ માટે પ્રવાસીઓ અને નાગરિકોએ ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે તળાવના માટીના પાળા, હયાત સ્ટ્રક્ચર કે અન્ય સરકારી મિલકતને કોઈ નુકસાન ન પહોંચે. મુસાફરો અને વાહનચાલકોએ સ્થળ પર તૈનાત વિભાગના અધિકારીઓ કે કર્મચારીઓની સૂચના મુજબ નક્કી કરેલા સ્થળેથી જ આ માટી ઉપાડવાની રહેશે.

# લોક રક્ષક દળની પરીક્ષામાં ભાવ. એસટી વિભાગ દ્વારા 98 ટ્રીપોનું સંચાલન, 5 હજાર ઉમેદવારોએ કર્યો પ્રવાસ

## પરીક્ષાર્થીઓની સુવિધા માટે 25 એક્સ્ટ્રા બસો દોડાવી એસટી તંત્રએ 6.62 લાખની આવક મેળવી

ભાવનગર,તા.૧૭

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ભાવનગર વિભાગ દ્વારા લોક રક્ષક દળ ની પરીક્ષા આપવા જતાં ઉમેદવારો માટે એક વિશેષ અને સરાહનીય વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. રવિવારે યોજાયેલી આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ પોતાના પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર અને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના પહોંચી શકે તેમજ પરીક્ષા પૂર્ણ થયા બાદ સુરક્ષિત રીતે પોતાના વતન પરત ફરી શકે તે માટે વિશેષ એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાવનગર વિભાગના વિભાગીય નિયામક પીલવાઈકારના જણાવ્યા અનુસાર, ભાવનગર વિભાગના અલગ-અલગ ડેપો દ્વારા કુલ ૨૫ વિશેષ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ બસો દ્વારા જુદા જુદા રૂટો પર કુલ ૯૮ ટ્રીપો મારફતે ૧૬,૭૬૩ કિલોમીટર જેટલું નવું એક્સ્ટ્રા સંચાલન હાથ ધરાયું હતું. વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે ખાસ આયોજન કરાયું હતું, જેમાં પરીક્ષાર્થીઓને નિર્ધારિત પાર્કિંગ સ્થળ સુધી જ બસો દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા અને પરીક્ષા પૂર્ણ થયા બાદ તે જ પાર્કિંગ સ્થળેથી પરત આવવા માટે પણ બસો ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

વિભાગના વિવિધ ડેપો જેવા કે બરવાળા, ભાવનગર, બોટાદ, ગઢડા, ગારીયાધાર, મહુવા, પાલીતાણા અને તળાજા દ્વારા અમદાવાદ, રાજકોટ, આણંદ, વડોદરા, ઉના, કોડીનાર, વેરાવળ અને પાલીતાણા જેવા મુખ્ય શહેરો તરફ સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પરીક્ષા આપીને ભાવનગર આવેલા અને ત્યાંથી પોતાના વતન જેવા કે તળાજા, મહુવા, રાજુલા, ઉના, કોડીનાર તેમજ વેરાવળ તરફ જવા ઈચ્છતા ઉમેદવારો માટે પણ એસ.ટી. નિગમ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ સુચારુ આયોજન અને તંત્રની તત્પરતાને કારણે પરીક્ષાર્થીઓ તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો. સમગ્ર સંચાલન દરમિયાન અંદાજે ૫૦૦૦ જેટલા પરીક્ષાર્થીઓએ આ એસ.ટી. સેવાનો લાભ લીધો હતો. આ સફળ વધારાના સંચાલનને પરિણામે ભાવનગર એસ.ટી. વિભાગને રૂપિયા ૬,૬૨,૮૧૫/- ની આવક પણ પ્રાપ્ત થઈ છે.

# રાજ્ય સરકારના પેન્શનરો માટે વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવી ફરજિયાત

## ૩૧ જુલાઈ સુધીમાં પ્રક્રિયા પૂર્ણ ન કરનારનું ઓગસ્ટ માસથી પેન્શન સ્થગિત કરાશે

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના IRLA તેમજ અન્ય સ્કીમ હેઠળ પેન્શન મેળવતા તમામ પેન્શનરોએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક હયાતીની ખરાઈ તા. ૦૧/૦૫/૨૦૨૬ થી ૩૧/૦૭/૨૦૨૬ દરમિયાન કરાવવાની રહેશે. નિયત સમયમાં ખરાઈ ન કરાવનારનું ઓગસ્ટ-૨૦૨૬ થી પેન્શન સ્થગિત કરાશે. પેન્શનરો પોતાની બેંક શાખામાં રૂબરૂ જઈને અથવા પોસ્ટ ઓફિસના કર્મચારી મારફત જીવન પ્રમાણ પોર્ટલ પર બાયોમેટ્રિક આધારે ઓનલાઈન ખરાઈ કરાવી શકે છે.

આ ઉપરાંત વેબસાઈટ કે મોબાઈલ એપ પર ફેસ ઓથેન્ટિકેશન દ્વારા પણ ઘરે બેઠા પ્રક્રિયા થઈ શકશે. કુટુંબ પેન્શનના કિસ્સામાં પુરુષ અને ૫૦ વર્ષ સુધીની મહિલાઓએ પુનઃલગ્ન ન કર્યાનું પ્રમાણપત્ર આપવું પડશે. શરતી કે દિવ્યાંગ આશ્રિતોએ આવકનો પુરાવો રજૂ કરવો ફરજિયાત છે. વિદેશ વસતા પેન્શનરોએ નોટરી પ્રમાણિત પાસપોર્ટ નકલ અને પી.પી.ઓ. નંબર સાથે પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. તિજોરી કચેરીને જાણ કર્યા વિના બેંક બદલનારની હયાતી ગ્રાહ્ય રહેશે નહીં તેમ જિલ્લા તિજોરી અધિકારીએ જણાવ્યું છે.

# ભાવનગરમાં યોજાશે ૬૫મી સુબ્રટો કપ ફૂટબોલ સ્પર્ધા

## ૨૬ જૂન સુધીમાં ઓનલાઈન એન્ટ્રી સબમિટ કરવી ફરજિયાત

ભાવનગર,તા.૧૭

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત અને જિલ્લા રમત ગમત અધિકારી ભાવનગર (શહેર/ગ્રામ્ય) દ્વારા ચાલુ વર્ષે ૬૫મી સુબ્રટો કપ ઈન્ટરનેશનલ ફૂટબોલ સ્પર્ધા-૨૦૨૬ અંતર્ગત જિલ્લાકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરાશે. આ સ્પર્ધામાં સબ-જુનિયર ભાઈઓ (અંડર-૧૫), જુનિયર ભાઈઓ (અંડર-૧૭) અને જુનિયર બહેનો (અંડર-૧૭) નો સમાવેશ થાય છે.

ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ www.subrotocup.in પર ઓનલાઈન ફરજીયાત નોંધણી કરવાની રહેશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ ફોર્મની પ્રિન્ટ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સીદસર રોડ ખાતે ૨૬/૦૬/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાની રહેશે. એન્ટ્રી જમા કરાવનાર શાળા/સંસ્થાના સ્પર્ધકોને જ સ્પર્ધાના સ્થળ અને તારીખની જાણ કરાશે. વય મર્યાદા માટે અંડર-૧૫ બોયઝ (કટ ઓફ ડેટ: ૦૧-૦૧-૨૦૧૨) તથા અંડર-૧૭ બોયઝ અને ગર્લ્સ માટે કટ ઓફ ડેટ ૦૧-૦૧-૨૦૧૦ રહેશે.

# ભાવનગરમાં મહોરમ નિમિત્તે અનેક રસ્તાઓ વન-વે જાહેર

ભાવનગર,તા.૧૭

આગામી તા.૨૬/૦૬/૨૦૨૬ અને તા.૨૭/૦૬/૨૦૨૬ના રોજ ઉજવાનારા મહોરમ/તાજીયાના તહેવારને ધ્યાને રાખીને ભાવનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી.ગોવાણી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે તા.૨૬ જૂનના સાંજે ૧૮:૦૦ વાગ્યાથી તા.૨૭ જૂનના સવારે ૦૫:૦૦ વાગ્યા સુધી શહેરના વિવિધ માર્ગોને એકમાર્ગીય (વન-વે) જાહેર કરાયા છે. જે અંતર્ગત હેરીસ રોડથી અલકા ટોકીઝ, વડવા તલાવડીથી પાવર હાઉસ, વાસણ ઘાટથી મીની ગેસ્ટ હાઉસ અને ખારગેટથી હલુરીયા ચોક સહિતના રસ્તાઓ પર ટ્રાફિક ડાયવર્ઝન રહેશે. શેલારશા ચોકથી આબાચોક સુધી વાહન વ્યવહાર સંપૂર્ણ બંધ રહેશે અને તાજીયાના રૂટ પર મોટા વાહનો પ્રતિબંધિત રહેશે. પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ જેવી આવશ્યક સેવાઓને આમાંથી મુક્તિ અપાઈ છે. ભંગ કરનાર સામે હેડ કોન્સ્ટેબલથી ઉપરના દરજ્જાના અધિકારીઓ પગલાં લેશે.

# ભાવનગર રેલવે મંડળની ૬૯મી પેન્શન અદાલતમાં ૩૩ કેસોનો ત્વરિત નિકાલ

ભાવનગર,તા.૧૭

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ ખાતે ૧૫ જૂન, ૨૦૨૬ના રોજ મંડલ રેલ પ્રબંધક દિનેશ વર્માની પ્રેરણાથી અને અપર મંડલ રેલ પ્રબંધક ઋત્વિક શર્માના અધ્યક્ષસ્થાને "૬૯મી પેન્શન અદાલત"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અદાલતમાં મંડળના નિવૃત્ત કર્મચારીઓની પેન્શન સંબંધિત વિવિધ જટિલ સમસ્યાઓ સાંભળી તેનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO), ફિક્સ્ડ મેડિકલ એલાઉન્સ, કુટુંબ પેન્શન તેમજ PPOમાં સરનામું બદલવાની પ્રક્રિયા જેવા મહત્વના મુદ્દાઓ હાથ પર લેવાયા હતા. આ અદાલતમાં બ્રોડગેજ વર્કશોપના ૪ કેસો અને મંડળ કચેરીના ૨૯ કેસો મળીને કુલ ૩૩ કેસોનું તાત્કાલિક અને સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે, કાર્મિક વિભાગ, નાણાં વિભાગ અને વેલ્ફેર ઈન્સ્પેક્ટરોની ટીમના સંકલિત પ્રયાસોથી આ કામગીરી સમયબદ્ધ રીતે પૂર્ણ થઈ છે. રેલવે પ્રશાસનની આ ત્વરિત કાર્યવાહી બદલ ઓલ ઈન્ડિયા રેલવે પેન્શનર્સ એસોસિએશન અને વેલ્ફેર ફેડરેશને આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે હુબલાલ જગન, હરિશ જનસારી સહિતના ઉચ્ચ રેલવે અધિકારીઓ હાજર રહ્યા હતા.

# છાપરી ગામે આખરે બે દીપડા પાંજરે પુરાયા

## વન વિભાગ દ્વારા આધુનિક ડ્રોન અને સીસીટીવીની મદદથી સર્ચ ઓપરેશન સફળ; મૃતક બાળકીના પરિવારને રૂ. ૧૦ લાખની સહાય

ભાવનગર,તા.૧૭

મહુવા તાલુકાના છાપરી ગામે ૧૪ દિવસ પૂર્વે વાડી વિસ્તારમાં રમી રહેલી બાળકી દિવ્યાબા ગોહિલને દીપડાએ દબોચીને મોતને ઘાટ ઉતારતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ હૃદયદ્રાવક ઘટના બાદ વન વિભાગે નાયબ વન સંરક્ષકના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરી મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સમગ્ર વિસ્તારનું આકાશમાંથી આધુનિક ડ્રોન કેમેરા દ્વારા સ્કેનિંગ કરવામાં આવ્યું હતું અને દીપડાની ચોક્કસ મૂવમેન્ટ ટ્રેક કરવા અલગ-અલગ જગ્યાએ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. વન વિભાગે ગોઠવેલા ૧૦ પાંજરા અને દિવસ-રાતની જહેમત બાદ વન વિભાગને એકના બદલે બે દીપડા પકડવામાં મોટી સફળતા મળી છે.

આ સમગ્ર ઓપરેશનમાં લીલીયા રેન્જના અનુભવી ટ્રેકર્સ અસલમભાઈ અને અમજદભાઈ કુરેશીએ દીપડાનું સચોટ લોકેશન મેળવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સરકારી જોગવાઈ મુજબ મૃતક બાળકીના પરિવારને રૂ. ૧૦,૦૦૦,૦૦૦/- (દસ લાખ)ની સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા ચુકવવામાં આવી હતી.

# કમિશનના લોભમાં બેંક એકાઉન્ટ ભાડે આપતા ચાર શખ્સો પોલીસ સકંજામાં

## સાયબર ફ્રોડના રૂ. ૯.૪૬ લાખ સગેવગે કરનાર ગેંગનો મહુવા પોલીસે કર્યો પર્દાફાશ

ભાવનગર,તા.૧૭

સાયબર ક્રાઈમના પૈસા ટ્રાન્સફર કરવા માટે આર્થિક ફાયદાની લાલચે પોતાના બેંક એકાઉન્ટ ભાડે આપતા શખ્સો સામે મહુવા પોલીસે લાલ આંખ કરી છે. પોલીસે મ્યૂલ એકાઉન્ટ ઓપરેટ કરી ?૯.૪૬ લાખ સગેવગે કરનારા ચાર આરોપીઓને ઝડપી પાડી બે અલગ-અલગ ગુના નોંધ્યા છે. સીઆઈડી ક્રાઈમના ઈનપુટના આધારે તપાસ કરતા ખુલાસો થયો હતો કે, મહુવાના નવાજ ડુંગરિયા અને ભાવનગરના સરફરાજ લાખાણીએ મળીને બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં રૂ.૯,૨૪,૪૯૧/- ટ્રાન્સફર કરી ઉપાડી લીધા હતા. નવાજે આ એકાઉન્ટ માત્ર રૂ. ૧૦ હજારના ભાડા પેટે આપ્યું હતું. આ એકાઉન્ટ સામે તમિલનાડુ, કેરળ અને સુરતમાંથી ચાર સાયબર ફરિયાદો નોંધાઈ હતી.

બીજા કિસ્સામાં, મહુવાના સાહિલ પોપટીયાએ પોતાનું પંજાબ એન્ડ સિંધ બેંકનું એકાઉન્ટ સાવરકુંડલાના વસીમ શેખને વાપરવા આપ્યું હતું, જેમાં રૂ. ૨૧,૫૯૩/-ની છેતરપિંડીના નાણાં સગેવગે કરાયા હતા. આ એકાઉન્ટ સામે અન્ય રાજ્યોમાં ૬ ફરિયાદો નોંધાયેલી છે. મહુવા પોલીસે ચારેયની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને ૯૩ લાખથી વધુનું માતબર અનુદાન

## વડોદરાના ઉદારદાતા અશોકભાઈ શેઠ - USA ફાઉન્ડેશન દ્વારા અવિરત સેવાકાર્ય



ભાવનગર,તા.૧૭

ટીબી સ્થિત સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં ફરી એકવાર લક્ષ્મીનો સદઉપયોગ થયો છે. છેલ્લા પાંચ વર્ષથી સંસ્થાને સતત સહયોગ આપતા વડોદરાના વતની અને હાલ અમેરિકા સ્થિત 'પુષ્પા એન્ડ હસમૂખ શાહ (USA) ફાઉન્ડેશન'ના અશોકભાઈ શેઠ દ્વારા હોસ્પિટલને $1,00,000 (અમેરિકન ડોલર) એટલે કે અંદાજે રૂ. ૯૩,૦૫,૦૦૦/-નું માતબર અનુદાન પ્રાપ્ત થયું છે.

આ સંદર્ભે હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરા સાથે અમેરિકાથી થયેલી ટેલિફોનિક વાતચીત બાદ આ સહાય જાહેર કરાઈ હતી. આ ભંડોળમાંથી નવનિર્મિત હોસ્પિટલ બિલ્ડિંગ નંબર-૨ માટે આંખના ઓપરેશન થિયેટરના આધુનિક સાધનો જેવા કે માઈક્રોસ્કોપ અને ઓપ્મી લુમેરા ૩૦૦ સિસ્ટમ માટે રૂ. ૩૭,૫૯,૦૦૦/- તેમજ ૧૫૫ નંગ સ્પેશિયલ પેશન્ટ બેડની ખરીદી માટે રૂ. ૫૫,૪૬,૦૦૦/- વાપરવામાં આવશે.


હોસ્પિટલના ટ્રસ્ટી મંડળે દાતા પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૨ થી અત્યાર સુધીમાં આ પરિવાર તરફથી હોસ્પિટલને કુલરૂ. ૨ કરોડ ૮૩ લાખથી વધુનું દાન મળ્યું છે.

# તખ્તેશ્વર મહાદેવ મંદિરના દિવંગત મહંતનો શક્તિ પૂજન ભંડારો યોજાશે

## કાલે મહામંડલેશ્વર સ્વામી સ્વરૂપાનંદજીની નિશ્રામાં ધર્મસભા અને સંતવાણીનું આયોજન

ભાવનગર,તા.૧૭

ભાવનગરના પ્રસિદ્ધ શ્રી તખ્તેશ્વર મહાદેવ મંદિરના દિવંગત મહંત સુરેશગિરિ કૈલાસગિરિ ગોસ્વામી (ઉ.વ. ૭૧) ગત શનિવારે કૈલાસવાસી થયા છે. તેમના આધ્યાત્મિક પ્રદાનને સ્મરણાંજલિ આપવા માટે આગામી તા. ૧૮-૦૬-૨૦૨૬ ને ગુરૂવારના રોજ શક્તિ પૂજન ભંડારાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત પધારેલા સંતો-મહંતોના સાંજે ૪:૩૦ કલાકે સામૈયા કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૫:૦૦ કલાકે પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ સ્વામીશ્રી સ્વરૂપાનંદજી સરસ્વતીની પાવન નિશ્રામાં એક ભવ્ય ધર્મસભાનું આયોજન થશે. સાંજે ૭:૦૦ કલાકે તમામ ભક્તો માટે મહાપ્રસાદ અને રાત્રે ૯:૦૦ કલાકે વિશેષ શક્તિ પૂજન વિધિ રાખવામાં આવી છે. રાત્રીના ૯:૩૦ કલાકે નામી-અનામી કલાકારો દ્વારા ભવ્ય સંતવાણી પીરસવામાં આવશે, જેમાં ભાવિકોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ અપાયું છે.

# પોલીસ તંત્ર એક્શન મોડમાં : ભાવનગરમાં રથયાત્રા અને મહોરમ પૂર્વે સંવેદનશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ

આગામી પવિત્ર મહોરમ અને ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાના તહેવારો સમગ્ર શહેરમાં શાંતિપૂર્ણ અને કોમી એકતાના માહોલમાં ઉજવાય તે માટે ભાવનગર પોલીસ તંત્ર અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયું છે. ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર અસારી તથા જિલ્લા પોલીસ અધિક્ષક ડો. નિતેષ પાંડેયના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થાને લઈને સઘન તૈયારીઓ આરંભી દેવાઈ છે.તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ચુસ્તપણે જળવાઈ રહે તેવા આશયથી નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંધાલની અધ્યક્ષતામાં ગંગાજળિયા પોલીસ મથક હેઠળના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં 'એરિયા ડોમિનેશન' અને 'ફૂટ પેટ્રોલિંગ' યોજવામાં આવ્યું હતું. આ ખાસ સુરક્ષા કવાયતમાં ગંગાજળિયા, ઘોઘારોડ અને નિલમબાગ પોલીસ મથકના પીઆઈ, વિવિધ સ્ટેશનના પીએસઆઈ, સર્વેલન્સ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો સજ્જ હથિયારો સાથે જોડાયા હતા. શાંતિ સમિતિની બેઠકો અને પેટ્રોલિંગ દ્વારા સ્થાનિકોને સુરક્ષાનો અહેસાસ કરાવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



તસવીર : ધવલ વાજા



# રાસાયણિક ખાતરોના આડેધડ વપરાશ વચ્ચે વડોદ ગામના ખેડૂતે પ્રાકૃતિક ખેતીથી સર્જ્યો નવો રાહ

## રાસાયણિક ખાતરો મુક્ત શુદ્ધ અનાજ અને શાકભાજી ખરીદવા ગ્રાહકોનો મળી રહ્યો છે પ્રબળ પ્રતિસાદ



ભાવનગર,તા.૧૭

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના આંધળા વપરાશ વચ્ચે ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના વડોદ ગામના ઉત્સાહી ખેડૂત સંજયસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ એક પ્રેરણાદાયી મિસાલ બન્યા છે. તેઓ વર્ષ ૨૦૧૯ થી પોતાના ખેતરમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. કોઈપણ ઝેરી રસાયણો વિના તેઓ તમામ પ્રકારના પાક, શાકભાજી, અનાજ અને કઠોળનું મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. સંજયસિંહના જણાવ્યા મુજબ, પ્રાકૃતિક ખેતી અપનાવ્યા પછી પાકમાં કોઈ રોગ આવતો નથી અને ખેતરમાં એક-એક મહિના સુધી કોઈપણ દવાના છંટકાવની જરૂર પડતી નથી. વધુમાં, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી પકવેલા પાકમાં વજન પણ વધારે આવે છે. સંજયસિંહ માત્ર શુદ્ધ પાક પકવતા જ નથી, પરંતુ તેનું ઉત્તમ માર્કેટિંગ પણ કરે છે. તેઓ પોતાની મોબાઈલ વાન લઈને ધોળા, ઉમરાળા, વલ્લભીપુર તેમજ ભાવનગરના સીધા ગ્રાહકો સુધી તાજા શાકભાજી અને અનાજ પહોંચાડે છે. ગ્રાહકોને વ્યાજબી ભાવે સાત્વિક વસ્તુઓ મળતી હોવાથી બજારમાં આવતાની સાથે જ માત્ર ૨ થી ૩ દિવસમાં તમામ ઉત્પાદન વેચાઈ જાય છે.

હાલમાં ઘઉં, બાજરી અને શાકભાજી માટે ગ્રાહકો તરફથી એડવાન્સ બુકિંગ થઈ રહ્યું છે. ખરીદદારો આ સ્વાદથી ખુશ થઈને કહે છે કે આ અનાજમાં ૪૦ વર્ષ જૂનો અસલી સ્વાદ અને સુગંધ પાછા મળ્યા છે. સંજયસિંહે અન્ય ખેડૂતોને પણ જમીન અને માનવ સ્વાસ્થ્ય બચાવવા માટે રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળવા પ્રેરણાદાયી અપીલ કરી છે.

# પોલીસ ભરતીના ઉમેદવારો માટે કોળી જ્ઞાતિ વાડી ખાતે નિઃશુલ્ક રહેવા તથા ભોજનની કરાઇ વ્યવસ્થા

## મંત્રી પરસોત્તમભાઈ સોલંકીના માર્ગદર્શન અને દિવ્યેશભાઈ સોલંકીની પ્રેરણાથી રાજ્યભરના ઉમેદવારોને મળ્યો સહારો

ભાવનગર,તા.૧૭

ગુજરાત પોલીસ ભરતી-૨૦૨૬ અંતર્ગત ભાવનગર ખાતે પરીક્ષા આપવા માટે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ઉમેદવારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે હેતુથી ગુજરાત રાજ્યમંત્રી પરસોત્તમભાઈ સોલંકીના માર્ગદર્શન અને કોળી સેનાના યુવા પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકીની પ્રેરણાથી હાદાનગર સ્થિત તળપદા કોળી જ્ઞાતિ વાડી ખાતે નિઃશુલ્ક રહેવા તથા ભોજનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.



હજારો યુવાનો પોતાના ભવિષ્યના મહત્વપૂર્ણ પડાવ સમાન પોલીસ ભરતી પરીક્ષા આપવા ભાવનગર પહોંચ્યા હતા. આવા સમયે ઉમેદવારોને રહેવા, જમવા અને જરૂરી સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે કોળી સેના દ્વારા સેવાભાવી આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યવસ્થાથી અનેક ઉમેદવારોને આર્થિક અને વ્યવહારિક રાહત મળી હતી.આ પ્રસંગે કોળી સેનાના યુવા પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, "સમાજના યુવાનો પોતાના સપનાઓ સાકાર કરવા માટે મહેનત કરી રહ્યા છે. તેમની સફળતા માટે સમાજ તરીકે આપણે શક્ય તેટલો સહયોગ આપવો જોઈએ. યુવાનો આગળ વધશે તો સમાજ અને દેશ બંને વધુ મજબૂત બનશે."

તેમણે તમામ ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવતા આત્મવિશ્વાસ અને સમર્પણ સાથે પરીક્ષા આપવા અનુરોધ કર્યો હતો. સાથે જ કોળી સેના હંમેશા યુવાનોના શિક્ષણ, રોજગાર અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહેશે તેવી ભાવના પણ વ્યક્ત કરી હતી.આ તકે PI મકવાણા (CID ક્રાઈમ) ,નગરસેવિકા પારૂલબેન ઢાપા, કમલેશભાઈ મકવાણા, રવિભાઇ ગોહેલ, કોળી સેના શહેર પ્રમુખ રાજભાઈ સોલંકી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# ૬૦ વર્ષથી વધુ વયના વડીલો માટે હેલ્ધી એજિંગ પ્રોગ્રામ

ભાવનગર,તા.૧૭

ભાવનગરમાં ૬૦ વર્ષથી વધુ વયના વડીલો માટે વિશેષ હેલ્ધી એજિંગ પ્રોગ્રામ દ્વારા કસરતો, માનસિક પ્રવૃત્તિઓ અને આરોગ્ય અંગે વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે, જેના દ્વારા વડીલોને સક્રિય અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરણા મળે છે. આ સેશન દર ગુરુવારે સાંજે ૫ વાગ્યે પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગર ખાતે યોજાય છે. રસ ધરાવતા વડીલોને આ કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

# ભાવનગર ખાતે ત્રણ દિવસ યોજાશે મેગા આર્ટ પ્રદર્શન

ભાવનગર,તા.૧૭

ભાવનગર ખાતે તા.૧૯/ ૨૦/ ૨૧ ના રોજ ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી સરદારનગર ખાતે ભારત ભરના ૭૫ જેટલા ચિત્ર અને ફોટોગ્રાફરનો પ્રદર્શન યોજાશે આ પ્રદર્શન ભાવનગરના મેયર ઉષાબેન તલરેજા, નેહલ ગઢવી, અમુલ પરમાર, હિમાચલ મહેતા ,જાદુગર મંગલ, જાદુગર યુવરાજ, તેમજ અજય ચૌહાણની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકવામાં આવશે આ પ્રદર્શનનું ઉદ્ઘાટન તા.૧૯ ને શુક્રવારના સાંજના પાંચ વાગ્યે રાખવામાં આવેલ છે આ પ્રદર્શનનું આયોજન ત્રીશક્તિના પ્રિયાબા જાડેજા તથા નમ્રતાબા ગોહિલ દ્વારા કરવામાં આવેલું છે.





# જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ત્રણ દિવસ વહેલો યોજાશે

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લા કક્ષાનો જૂન-૨૦૨૬ માસનો જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ પૂર્વ આયોજન મુજબ આ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫/૦૬/૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કલેક્ટર કચેરી, ભાવનગર ખાતે યોજાનાર હતો. પરંતુ વહીવટી અનુકૂળતા ખાતર આયોજનમાં ફેરફાર થતાં, હવે જૂન માસનો આ જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ આગામી તા. ૨૨/૦૬/૨૦૨૬ ને સોમવારના રોજ બપોરે ૦૧ કલાકે કલેક્ટર કચેરી, ભાવનગર ખાતે યોજવામાં આવશે, જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવી.


**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**એક્સપ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ (EOI)**

**નોન-NABH/NABH માન્યતા પ્રાપ્ત વિશેષ તપાસો (રેડિયોલોજી અને અન્ય) માટે ત્રણ વર્ષની અવધિ માટે એક્સપ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ આમંત્રિત.**

ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા (પશ્ચિમ રેલવે) દ્વારા ભાવનગર સ્થિત NABH/નોન -NABH માન્યતા પ્રાપ્ત રેડિયોલોજી કેન્દ્રો/હોસ્પિટલોમાંથી રેલવે લાભાર્થીઓને રેડિયોલોજી તપાસ સેવાઓ (એક્સ-રે, USG, CT સ્કેન, MRI તથા અન્ય સંબંધિત તપાસો) પૂરી પાડવા માટે એક્સપ્રેશન ઓફ ઇંટ્રેસ્ટ (EOI) આમંત્રિત કરવામાં આવે છે.

ભાગ લેનાર તમામ રેડિયોલોજી કેન્દ્રો/હોસ્પિટલોએ રેલવે માટે રેડિયોલોજી તપાસોના આઉટસોર્સિંગ માટે નિર્ધારિત પાત્રતા માપદંડો, નિયમો અને શરતો પૂર્ણ કરવી આવશ્યક છે.

આંશિક સુવિધાઓ સ્વીકારવામાં આવશે નહીં. સક્ષમ અધિકારીને સંપૂર્ણ અધિકાર રહેશે કે જે અરજી/ભાવપત્રક સંપૂર્ણ આવશ્યકતાઓ પૂર્ણ કરતું ન હોય અથવા આંશિક રીતે રજૂ કરવામાં આવ્યું હોય તેને નામંજૂર કરી શકે.

રસ ધરાવતા પક્ષો પાત્રતા માપદંડો, નિયમો અને શરતો તથા પરિશિષ્ટો અંગેની વિગતવાર માહિતી નીચે દર્શાવેલ કચેરીમાંથી મેળવી શકશે.

"રેડિયોલોજી તપાસો (એક્સ-રે, USG, CT સ્કેન, MRI તથા અન્ય) માટે EOI"

એમ સ્પષ્ટપણે લખાયેલ સંપૂર્ણ ભરેલ અને સીલબંધ EOI 02.07.2026 સુધી અથવા તે પહેલાં હસ્તાક્ષરકર્તાને સોંપવાની રહેશે. સરનામું: મુખ્ય ચિકિત્સા અધિક્ષકની કચેરી, મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા, ગુજરાત – 364003

BVP 060

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**જાહેર સૂચના**

નીચે દર્શાવેલ સાબરમતી-બોટાદ અને શિહોર પાલીતાણા સેક્શન ના લિમિટેડ હાઇટ સબવે (LHS) તારીખ 21/06/2026 થી 15/10/2026 સુધી રોડ વપરાશકર્તાઓ માટે બંધ કરવામાં આવશે. ગયા ચોમાસા દરમિયાન નીચેના લિમિટેડ હાઇટ સબવે (LHS) માં પાણી ભરાઈ જવાની સમસ્યા જોવા મળી હતી અને નીચાણવાળા વિસ્તારને કારણે લિમિટેડ હાઇટ સબવે (LHS) વરસાદી પાણીમાં ડૂબી ગયા હતા. જેથી આ ચોમાસા દરમિયાન વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખતા નીચે દર્શાવેલ લિમિટેડ હાઇટ સબવે (LHS) તારીખ 21/06/2026 થી 15/10/2026 સુધી બંધ રહેશે જેની તમામ વાહનચાલકોએ નોંધ લેવી.

| ક્રમાંક | LHS નં. | ચેઇનેજ | વિભાગ |
|---|---|---|---|
| 1 | 33A1 | 27/6-7 | સરખેજ – મોરૈયા |
| 2 | 80A | 57/6-7 | બાવળા – ધોળકા |
| 3 | 86A | 60/0-1 | ધોળકા – ગોઠનેશ્વર |
| 4 | 87A1 | 60/9-61/0 | ધોળકા – ગોઠનેશ્વર |
| 5 | 99A1 | 72/4-5 | ગોઠનેશ્વર – કોઠ ગાંગડ |
| 6 | 100B | 75/1-2 | ગોઠનેશ્વર – કોઠ ગાંગડ |
| 7 | 115A | 97/1-2 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 8 | 118C | 99/9-100/0 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 9 | 119A1 | 100/6-7 | લોથલ ભૂરખિ – હડાલા ભાલ |
| 10 | 119E | 104/3-4 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 11 | 119L | 106/1-2 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 12 | 121F1 | 107/7-8 | હડાલા ભાલ – ધોળી (ભાલ) |
| 13 | 126B | 112/0-1 | ધોળી (ભાલ) – રાયકા |
| 14 | 129A2 | 115/4-5 | રાયકા – ધંધુકા |
| 15 | 130A1 | 117/9-118/0 | રાયકા – ધંધુકા |
| 16 | 130B | 120/5-6 | રાયકા – ધંધુકા |
| 17 | 137A | 124/2-3 | ધંધુકા – તગડી |
| 18 | 138B | 127/3-4 | ધંધુકા – તગડી |
| 19 | 139B | 128/9-129/0 | ધંધુકા – તગડી |
| 20 | 139C1 | 129/9-130/0 | ધંધુકા – તગડી |
| 21 | 4A | 3/5-6 | શિહોર – પાલિતાણા |

BVP 058

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૪૬/૨૦૨૬**
**મરણ તા.૧૦/૦૬/૧૯૮૮**

**શ્રી ભુપતભાઈ કાનાભાઈ ચુડાસમા**
**રહે,ગુંદાળા, તા.જી.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. કમળેજ,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મૃત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભુપતભાઈ કાનાભાઈ ચુડાસમા રહે,ગુંદાળા, તા.જી.ભાવનગરએ તેમના પિતા શ્રી કાનાભાઈ કરશનભાઈ ચુડાસમાનું મરણ તા. ૧૦/૦૬/૧૯૮૮ના રોજ કમળેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૮૦/૨૦૨૬**
**જન્મ તા.૧૯/૦૩/૨૦૨૧**

**શ્રી ચંદુભાઈ ધીરૂભાઈ ધરજીયા,**
**રહે.સવાઇનગર, ટેકરા વિસ્તાર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**સવાઇનગર ગ્રામ પંચાયત કચેરી, મુ. સવાઇનગર, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચંદુભાઇ ધીરૂભાઈ ધરજીયા રહે. સવાઈનગર, ટેકરા વિસ્તાર, ભાવનગરએ પોતાના પુત્ર શ્રી વિહાન ચંદુભાઈ ધરજીયાનો જન્મ તા.૧૯/૦૩/૨૦૨૧ના રોજ સવાઈનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૯૭/૨૦૨૬**
**જન્મ તા.૨૫/૦૭/૧૯૮૯**

**શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ બારૈયા,**
**રહે.હરસિધ્ધી માતાના મઠ પાસે, વરતેજ ગામ, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**વરતેજ ગ્રામ પંચાયત કચેરી, મુ. વરતેજ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ખીમજીભાઈ નાગજીભાઈ બારૈયા રહે. હરસિધ્ધી માતાના મઠ પાસે, વરતેજ ગામ, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી વિપુલભાઈ ખીમજીભાઇ બારૈયાનો જન્મ તા.૨૫/૦૭/૧૯૮૯ના રોજ વરતેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૯૪/૨૦૨૬**
**જન્મ તા.૦૧/૦૩/૧૯૯૮**

**શ્રી સોલંકી મગનભાઈ માવજીભાઇ,**
**રહે.કોળીયાક, તા.જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**કોળીયાક ગ્રામ પંચાયત કચેરી, મુ. કોળીયાક, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોલંકી મગનભાઈ માવજીભાઈ રહે. કોળીયાક, તા.જી.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી સુનિલભાઈ મગનભાઈ સોલંકીનો જન્મ તા.૦૧/૦૩/૧૯૯૮ના રોજ કોળીયાક મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

સૌરાષ્ટ્ર આસપાસ
તા. ૧૭-૦૬-૨૦૨૬, બુધવાર ૭

# મહુવામાં વાહન ભટકાવાની નજીવી બાબતે યુવક ઉપર છરી વડે હુમલો!

## ગ્રીન લોજ પાસે ત્રણ શખ્સોએ મજૂરી કામ કરતા યુવકને ઢોરમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

ભાવનગર,તા.૧૭

મહુવાના ભાદરોડ ગીર વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા ૧૯ વર્ષીય યુવક મહંમદ અબ્બાસ મીઠાણી પર વાહન ભટકાવવા જેવી નજીવી બાબતે ત્રણ શખ્સોએ હુમલો કરી છરી ઝીંકી દીધી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર યુવકે હોસ્પિટલના બિછાનેથી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગત મુજબ, તા.૧૬ની રાત્રે પીરદાદા ચોકમાંથી મજલીસ પૂરી થયા બાદ મહંમદ અબ્બાસ તેના મિત્ર ગાજી અબ્બાસ સાથે ઉભો હતો. તે દરમિયાન તેના અન્ય એક મિત્ર અકીલની બાઇક 'હુસેન ઉર્ફે મેલડી' નામના શખ્સની સ્કૂટર સાથે સામાન્ય ભટકાઈ હતી. આ બાબતે હુસેને અકીલની બાઇકની ચાવી ખેંચી લીધી હતી. મહંમદ અને તેનો મિત્ર ગ્રીન લોજ પાસે ચાવી લેવા ગયા અને ભૂલ સ્વીકારી માફી માંગી, તેમ છતાં હુસેન ઉર્ફે મેલડી ગાળો બોલવા લાગ્યો હતો.હુમલાખોરોએ યુવકને અંધારામાં ખેંચી જઈ કમરમાંથી છરી કાઢી ડાબા પગના સાથળના ભાગે ઝીંકી દીધી હતી, જેમાં યુવકને ત્રણ ટાંકા આવ્યા છે. ત્યારબાદ હુસેને તેના દીકરા અશફાક અને રેહાન પાયક નામના ઈસમોને ફોન કરીને બોલાવ્યા હતા. અશફાકે આવીને મહંમદને લાફા માર્યા હતા અને અંધારામાં ખેંચી જઈ સાથળના ભાગે છરીનો ઘા મારી દીધો હતો. રેહાન પાયકે પણ યુવકનો કાઠલો પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલાખોરોએ "ગાડી સરખી કરાવી આપ, નહીં તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી હતી.આ સમયે ત્યાંથી પસાર થતા યુવકના સંબંધીઓએ તેને છોડાવી તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે આ મામલે હુસેન મેલડી, અશફાક અને રેહાન પાયક સામે BNS કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૨, ૨૯૬ અને જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સિન્થેટિક ડ્રગ્સનું ઉત્પાદન રોકવા NCBની પહેલ

# અમદાવાદ ખાતેની કોન્ફરન્સમાં માદક દ્રવ્યો માટે વપરાતા પ્રારંભિક રસાયણોને ડાયવર્ટ થતા રોકવા કરાયેલું આહ્વાન






### કેમિકલ અને ફાર્મા ઉદ્યોગને સિન્થેટિક ડ્રગ્સ માટે વપરાતા પ્રીકર્સર કેમિકલ્સનું ડાયવર્ઝન રોકવા કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ સાથે સક્રિય સહયોગ માટે અપીલ સાથે સ્વૈચ્છિક આચારસંહિતા બહાર પડાઈ

અમદાવાદ,તા.૧૭

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને પ્રીકર્સર કેમિકલ્સ (માદક દ્રવ્યો બનાવવા માટે વપરાતા પ્રારંભિક રસાયણો) અને અન્ય પદાર્થો કે જેનો ઉપયોગ માદક દ્રવ્યો, સાયકોટ્રોપિક પદાર્થો અને ઉભરી રહેલા સિન્થેટિક ડ્રગ્સના ગેરકાયદેસર ઉત્પાદન માટે દુરુપયોગ થઈ શકે છે, તેને ડાયવર્ટ થતા રોકવા માટે કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ સાથે સક્રિયપણે ભાગીદારી કરવા આહવાન કર્યું છે.

અમદાવાદમાં યોજાયેલી એક કોન્ફરન્સમાં, એનસીબીના ડાયરેક્ટર જનરલ અનુરાગ ગર્ગ, IPS એ કેમિકલ ઉદ્યોગ માટે સ્વૈચ્છિક આચારસંહિતા બહાર પાડી હતી. આ એક માર્ગદર્શક માળખું છે જે જવાબદાર કેમિકલ મેનેજમેન્ટને પ્રોત્સાહિત કરવા, સપ્લાય-ચેનની અખંડિતતાને મજબૂત કરવા અને ગેરકાયદેસર ડ્રગ ઉત્પાદન માટે ડાયવર્ટ થઈ શકે તેવા રસાયણો સાથે સંકળાયેલા શંકાસ્પદ વ્યવહારોની વહેલી ઓળખ અને રિપોર્ટિંગને પ્રોત્સાહન આપવા માટે વિકસાવવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સના વરિષ્ઠ અધિકારીઓ સહિત કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગ સંગઠનો અને અગ્રણી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ સહભાગીઓ હાજર હતા, જેમાં કેમેક્સિલના ચેરમેન ડૉ. સતીશ વામન વાઘ; ગુજરાત કેમિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. જૈમિન આર. વસા; ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડિયાના ચેરમેન ભાલચંદ્રસિંહ રાવરાણે; ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કેમિકલ કમિટીના ચેરમેન ચાણક્ય કોન્ટ્રાક્ટર; ફાર્મેક્સિલના પ્રતિનિધિ ડૉ. વિરંચી શાહ; અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પૂર્વ માનદ જનરલ સેક્રેટરી હરેશ ગોપાલભાઈ પટેલ તેમજ અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ ઉપસ્થિત હતી.

કોન્ફરન્સ દરમિયાન, એનસીબી અને સીબીએનના અધિકારીઓએ ઝડપથી બદલાતા સિન્થેટિક ડ્રગ્સના પરિદ્રશ્ય, સિન્થેટિક ડ્રગ્સના ગુપ્ત ઉત્પાદનમાં ઉભરી રહેલા પ્રવાહો અને ડ્રગ ટ્રાફિકિંગ સિન્ડિકેટ્સ (માદક દ્રવ્યોની હેરાફેરી કરતા જૂથો) દ્વારા પ્રીકર્સર અને આવશ્યક રસાયણોના વધતા જતા દુરુપયોગ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. સહભાગીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા કે કેવી રીતે ગુનાહિત નેટવર્ક્સ નિયમનકારી નિયંત્રણોથી બચવા માટે સતત વૈકલ્પિક રસાયણો અને અવેજી પ્રીકર્સર પદાર્થોની શોધ કરે છે, જેથી ભારતની ડ્રગ વિરોધી વ્યૂહરચનામાં ઉદ્યોગ જગતની તકેદારી એક આવશ્યક ઘટક બને છે. સભાને સંબોધતા અનુરાગ ગર્ગે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે અમલીકરણ એજન્સીઓ જપ્તી અને તપાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ત્યારે માત્ર અમલીકરણની કાર્યવાહી દ્વારા સિન્થેટિક ડ્રગ્સ સામેની લડાઈ જીતી શકાતી નથી. તેમણે જણાવ્યું હતું કે રસાયણોનો વ્યવહાર કરતા ઉત્પાદકો, આયાતકારો, નિકાસકારો, વિતરકો, પરિવહનકારો અને વેપારીઓ શંકાસ્પદ ઓર્ડર, અસામાન્ય ખરીદીની પદ્ધતિઓ, અસાધારણ વપરાશના પ્રવાહો, અંતિમ ઉપયોગની માહિતી છુપાવવાના પ્રયાસો અને સંભવિત ડાયવર્ઝનના અન્ય સંકેતોને ઓળખવા માટે વિશિષ્ટ સ્થાન ધરાવે છે.તેમણે ઉદ્યોગ જગતને વીસીસીમાં સમાવિષ્ટ માર્ગદર્શનને સ્વૈચ્છિક રીતે અપનાવવા અને આંતરિક અનુપાલન પ્રણાલીઓ, ગ્રાહક-ચકાસણી પ્રક્રિયાઓ, વ્યવહાર નિરીક્ષણ પદ્ધતિઓ અને રેકોર્ડ રાખવાની પદ્ધતિઓને મજબૂત કરવા વિનંતી કરી હતી. તેમણે ઉદ્યોગના હિસ્સેદારોને શંકાસ્પદ પૂછપરછ, અસામાન્ય વ્યવહારો, કાયદેસર વ્યવસાયિક સમર્થન વિના રસાયણો મેળવવાના પ્રયાસો અથવા ગેરકાયદેસર ડ્રગ ઉત્પાદન માટે ડાયવર્ઝન સૂચવતી કોઈપણ પ્રવૃત્તિ અંગે એનસીબી સાથે તાત્કાલિક માહિતી શેર કરવા પ્રોત્સાહિત કર્યા હતા.ઉદ્યોગના પ્રતિનિધિઓએ આ પહેલને આવકારી હતી અને કેમિકલ મેનેજમેન્ટ, સપ્લાય-ચેન સુરક્ષા, ગ્રાહકની યોગ્ય તપાસ અને સ્વૈચ્છિક સ્વનિયમન સંબંધિત શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરી હતી.એક ઈન્ટરેક્ટિવ સત્ર પણ યોજવામાં આવ્યું હતું જેમાં ઉદ્યોગ અને વેપાર સંગઠનોના પ્રતિનિધિઓએ અનુપાલનના પડકારો, નિયમનકારી મુદ્દાઓ અને ઉદ્યોગ તથા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સહકારને ગાઢ બનાવવા માટેના વ્યવહારુ પગલાં અંગે ચર્ચા કરી હતી. સહભાગીઓએ પ્રીકર્સર કેમિકલ્સના ડાયવર્ઝનને રોકવામાં અને ભારતના પ્રીકર્સર-નિયંત્રણ માળખાને મજબૂત કરવા માટે એનસીબી અને સીબીએન સાથે મળીને કામ કરવાની તેમની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો હતો.

# પાલીતાણાના કુંભણ ગામે ST બસમાં ચડવા જતા યુવક વ્હીલ નીચે કચડાયો

## બસ ચાલકની બેદરકારીને કારણે હીરા ઘસતા યુવકના બંને પગ પર વ્હીલ ફરી વળ્યું

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના કુંભણ ગામના બસ સ્ટેશન પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ભાવનગર જવા માટે સરકારી એસ.ટી. (ST) બસમાં ચડવા જઈ રહેલા ૨૦ વર્ષીય યુવક પાર્થભાઈ લખમણભાઈ ખાંભલ્યા પર બસનું વ્હીલ ફરી વળતા તે ગંભીર રીતે ઘાયલ થયો છે.

બનાવ અંગે મળતી વિગત મુજબ, કુંભણ ગામમાં રહેતો અને ભાવનગરમાં હીરાનું કામ કરતો પાર્થ સવારે સાડા છ વાગ્યા આસપાસ તેના કાકા સાથે ભાવનગર જવા માટે ગામના બસ સ્ટેશને ઉભો હતો. આ દરમિયાન એસ.ટી. બસ નંબર: GJ-18-ZT-2352 આવતા તેના કાકા બસમાં ચડી ગયા હતા. પરંતુ પાર્થ હજુ દરવાજા પાસે ચડવા જતો હતો, તે જ સમયે એસ.ટી.ના ડ્રાઈવરે મુસાફરોની દરકાર કર્યા વગર ગફલતભરી રીતે બસ અચાનક આગળ ઉપાડી લીધી હતી.

બસ ઉપડી જતાં પાર્થ નીચે પટકાઈ ગયો હતો અને બસનું આગળનું વ્હીલ તેના બંને પગ અને ગુપ્ત ભાગો પર ફરી વળ્યું હતું. અકસ્માતને પગલે લોહીલુહાણ હાલતમાં પાર્થને તાત્કાલિક ભાવનગરની સરકારી હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ વિભાગના આઈસીયુ (ICU)માં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અર્ધબેભાન હોવાનું અને પગનું ઓપરેશન કરવાનું ડોક્ટરોએ જણાવ્યું છે. આ મામલે યુવકના ભાઈ વિજયભાઈ ખાંભલ્યાએ એસ.ટી. બસના ચાલક વિરૂદ્ધ બેદરકારીથી વાહન ચલાવવા બદલ BNS કલમ ૧૨૫(a), ૧૨૫(b), ૨૮૧ અને મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બોરતળાવ ખાતે એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપે સ્થાનિક લોકો સાથે યોગાભ્યાસ કર્યો

ભાવનગર,તા.૧૭

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ ની ઉજવણીના ભાગરૂપે ભાવનગરના ઐતિહાસિક બોરતળાવ ખાતે સી.આઈ.એસ.એફ.દ્વારા એક વિશેષ યોગસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ ભાવનગરના જવાનો અને સ્થાનિક નાગરિકોએ કુદરતી વાતાવરણ વચ્ચે ઉત્સાહભેર ભાગ લઈ સ્વસ્થ જીવનશૈલીની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.આ કાર્યક્રમ યુનિટના સહાયક કમાન્ડન્ટ મહેશ સિંહના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. તેમણે સુરક્ષા જવાનોની કપરી ફરજો દરમિયાન શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવવા માટે યોગના મહત્વ પર ભાર મૂક્યો હતો. યોગ પ્રશિક્ષકે ઉપસ્થિત સૌને વિવિધ આસનો, પ્રાણાયામ, શ્વાસની કસરતો અને ધ્યાન કરાવ્યું હતું તેમજ તણાવ મુક્તિ માટે રોજિંદા જીવનમાં યોગ અપનાવવા પ્રેરિત કર્યા હતા. અંતમાં, સૌએ યોગનો પ્રચાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.


# રાણપુર વેપારી મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

બોટાદ,તા.૧૭

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં વેપારી મંડળનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રાગટ્યથી થઈ હતી.ત્યારબાદ વેપારી મંડળના પ્રમુખ અને સરપંચ દ્વારા ગામના વિકાસના મુદ્દા વેપારીઓ સમક્ષ મુકવામાં આવ્યા હતા.આ સ્નેહમિલન કાર્યક્રમમાં રાણપુર વેપારી મંડળના પ્રમુખ ઘનશ્યામભાઈ સાવધરીયા, ઉપ.પ્રમુખ ભરતભાઈ મેર,વેપારી મંડળના સભ્યો હાજર રહ્યા હતા.તેમજ રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ ગોસુભા પરમાર,ઉપ.સરપંચ દિનેશભાઈ મકવાણા,તલાટી કમ મંત્રી મહાવીરદાસ દેવમુરારી તેમજ રાણપુર ગ્રામ પંચાયતના સફાઈ કામદારો વિજયભાઈ વાઘેલા,ચમનભાઈ વાઘેલા અને સુપરવાઈઝર અનિલભાઈ વાઘેલાની પ્રશંસનીય અને બિરદાવા લાયક કામગીરીને ધ્યાને લઈને વેપારી મંડળ દ્વારા તેઓનું સાલ ઓઢાડી વિશેષ રીતે સન્માન કરવામાં આવ્યું હતું.

# પ્રોફેશનલ એકાઉન્ટન્ટ એસો.ની નવી કારોબારી સમિતિની રચના

## પ્રમુખ પદે રાજલભાઈ ભટ્ટ અને ઉપ પ્રમુખ પદે અશ્વિનભાઈ ચાવડાની નિમણુંક



ભાવનગર,તા.૧૭

પ્રોફેશનલ એકાઉન્ટન્ટ એસોસિએશન ભાવનગરની વર્ષ ૨૦૨૬-૨૮ની ટર્મ માટે તાજેતરમાં એસોસિએશનની મિટિંગ મળેલ જેમાં રાજુલભાઈ ભટ્ટ પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયેલ. સંસ્થાની નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે.

નવી સમિતિમાં અશ્વિનભાઈ ચાવડાની ઉપપ્રમુખ તરીકે, કિશોરભાઈ ત્રિવેદીની મંત્રી તરીકે તથા દીપકભાઈ ચૌહાણની ખજાનચી તરીકે વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત કારોબારી સમિતિમાં જિગ્નેશભાઈ શેઠ, ચેતનભાઈ આચાર્ય, રાજેશભાઈ રાજાઈ, રાજેશભાઈ પરમાર, રાજેશભાઈ ગાંધી, દિનેશભાઈ રાજાઈ તથા મેહુલભાઈ રાજાણીની વરણી કરવામાં આવી છે.નવી ટીમ આગામી બે વર્ષ દરમિયાન એસોસિએશનના સભ્યોના વ્યાવસાયિક વિકાસ, વિવિધ જાગૃતિ કાર્યક્રમો, તાલીમ સત્રો અને સંસ્થાના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરશે. એસોસિએશનના સભ્યોએ નવી કારોબારી સમિતિને અભિનંદન પાઠવી સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.


**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૯૭/૨૦૨૬**
**શ્રી ગીતાબેન પ્રવિણભાઈ બારૈયા** **જન્મ તા.૦૮/૦૪/૨૦૧૦**
**રહે,પ્લોટ નં. સી/૨૫૩૧, નારેશ્વર સોસાયટી,કાળીયાબીડ, ભાવનગર.**
**વિરુધ્ધ**
**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. બુધેલ, તા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગીતાબેન પ્રવિણભાઈ બારૈયા પ્લોટ નં. સી/૨૫૩૧, નારેશ્વર સોસાયટી,કાળીયાબીડ, ભાવનગર એ પોતાના પુત્રી સુશ્રી અંજલી પ્રવિણભાઈ બારૈયાનો જન્મ તા. ૦૮/૦૪/૨૦૧૦ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૧૦/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૯૩/૨૦૨૬**
**શ્રી વાલોદ્રા રોનક ખોડાભાઇ,** **મરણ.તા.૨૩/૦૫/૨૦૦૯**
**રહે. બ્લોક નં.૪, રૂમ નં.૩૦૧, રોડ નં.૯, ડી-ડિવિઝન પોલીસ સ્ટેશન, શાસ્ત્રીનગર, ભાવનગર. મો.૯૯૭૯૪૩૪૩૪૩**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાલોદ્રા રોનક ખોડાભાઈએ તેમના બહેન સિધ્ધીબેન ખોડાભાઈ વાલોદ્રા નું મૃત્યુ તા. ૨૩/૦૫/૨૦૦૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૧૬૩/૨૦૨૫**
**શ્રી અબ્બાસભાઈ મહંમદભાઈ બિલખીયા,** **જન્મ.તા.૨૦/૦૩/૧૯૫૭**
**રહે. ડો.ભટ્ટની સામે, નવાપરા, ઘોઘાની નાની સડક, ભાવનગર,**
**મો-૯૭૨૩૫૨૩૦૭૫, ૯૩૭૪૧૨૧૨૧૬**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અબ્બાસ મહમદભાઈ બીલખીયા એ તેમનો જન્મ તા.૨૦/૦૩/૧૯૫૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૫/૦૫/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૧૧/૨૦૨૫**
**શ્રી હરજીભાઈ તેજાભાઈ કંટારીયા,** **મરણ.તા.૧૭/૧૧/૨૦૦૧**
**રહે. નવાપરા શેરી, અકવાડા, ભાવનગર.**
**મો-૯૬૮૭૫૮૪૫૮૯, ૯૯૯૮૪૯૫૨૬૧**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હરજીભાઈ તેજાભાઈ કંટારીયાએ તેમના ભાઈ મનસુખભાઈ તેજાભાઈ કંટારીયા નું મૃત્યુ તા.૧૭/૧૧/૨૦૦૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૯૦/૨૦૨૬**
**શ્રી ભરતભાઈ પરશોતમભાઈ ચૌહાણ,** **જન્મ તા.૨૦/૦૬/૧૯૯૮**
**રહે.સોડવદરા, તા.જી.ભાવનગર.**
**વિરુધ્ધ**
**તલાટી કમ મંત્રીશ્રી,**
**સોડવદરા ગ્રામ પંચાયત કચેરી, મુ. સોડવદરા, તા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતભાઈ પરશોતમભાઈ ચૌહાણ રહે. સોડવદરા, તા.જી.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી પંકજભાઈ ભરતભાઈ ચૌહાણનો જન્મ તા.૨૦/૦૬/૧૯૯૮ના રોજ સોડવદરા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૮૧/૨૦૨૬**
**શ્રી ગૌરીબેન વલ્લભભાઇ ઘોરી,** **જન્મ તા.૦૫/૦૨/૧૯૮૫**
**રહે. ભંડારીયા, તા. જિ.ભાવનગર**
**વિરુધ્ધ**
**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**ભંડારીયા ગ્રામ પંચાયત કચેરી, મુ. ભંડારીયા, તા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા ભાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગીરીબેન વલ્લભભાઇ ઘોરી રહે. ભંડારીયા, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી મુકેશભાઇ વલ્લભભાઇ ઘોરીનો જન્મ તા.૦૧/૦૪/૧૯૮૩ના રોજ ભંડારીયા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વિધો કે તકરાર હીય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૭૯/૨૦૨૬**
**શ્રી ભગવાનભાઈ વંશસમભાઈ પટેલ,** **જન્મ તા.૦૫/૦૨/૧૯૮૫**
**રહે. ૧૨૬-૧૨૭, ગાંધીનગર ફળીયું, પુણાગામ, સુરત-૩૯૫૦૧૦.**
**વિરુધ્ધ**
**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**ભંડારીયા ગ્રામ પંચાયત કચેરી, મુ. ભંડારીયા, તા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા ભાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભગવાનભાઇ વશરામભાઈ પટેલ રહે. ૧૨૬-૧૨૭, ગાંધીનગર ફળીયું, પુણાગામ, સુરત-૩૯૫૦૧૦એ પોતાના પુત્ર શ્રી પરેશકુમાર ભગવાનભાઇ ધામેલિયાનો જન્મ તા.૦૫/૦૨/૧૯૮૫ના રોજ ભંડારીયા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૭૫/૨૦૨૬**
**શ્રી શામજીભાઇ દેવજીભાઇ કાકડીયા,** **જન્મ તા.૦૧/૧૨/૧૯૯૧**
**રહે.૩૦૧, વાસ્તુકલા એપાર્ટમેન્ટ, વેડ રોડ, સુરત-૩૯૫૦૦૪.**
**વિરુધ્ધ**
**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. વેળાવદર, તા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શામજીભાઈ દેવજીભાઈ કાકડીયા રહે. ૩૦૧, વાસ્તુકલા એપાર્ટમેન્ટ, વેડ રોડ, સુરત-૩૯૫૦૦૪એ પોતાના પુત્ર ગૌરવકુમાર શામજીભાઇ કાકડીયાનો જન્મ તા.૦૧/૧૨/૧૯૯૧ના રોજ વેળાવદર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, ભોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૬/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

# મહાપાલિકા કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: તંત્ર એલર્ટ, સમગ્ર પરિસરમાં સઘન સર્ચ ઓપરેશન




## ખાલિસ્તાની નેશનલ આર્મીના નામે આવ્યો ધમકીભર્યો ઈ-મેઈલ, સલામતીના ભાગરૂપે તાકીદે કચેરી ખાલી કરાવાઈ, બૉમ્બ સ્ક્વોર્ડ, ડોગ સ્ક્વોડ અને પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન

ભાવનગર,તા.૧૭

આજે સરકારી કામકાજ દરમિયાન મહાનગરપાલિકાના મેયરની કચેરીના અધિકૃત ઈ-મેઈલ આઈડી પર એક સનસનાટીભર્યો મેઈલ પ્રાપ્ત થયો હતો. આ ઈ-મેઈલમાં મહાનગરપાલિકાની મુખ્ય કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ગર્ભિત ધમકી આપવામાં આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આ ધમકીભર્યો મેઈલ કથિત રીતે 'ખાલિસ્તાની નેશનલ આર્મી' ના નામે મોકલવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે, જેને પગલે સરકારી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ ગંભીર ધમકીને પગલે નાગરિકો, કર્મચારીઓ અને અધિકારીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. મેયર કચેરી અને મુખ્ય બિલ્ડિંગને ત્વરિત અને સુનિયોજિત રીતે ખાલી કરાવવામાં આવ્યું હતું. કચેરીમાં હાજર તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસી જવા માટે કડક સૂચના આપવામાં આવી હતી.ઘટનાની ગંભીરતા જોતા જ એલ.સી.બી., એસ.ઓ.જી. સહિતનો પોલીસ કાફલો, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓએ સમગ્ર પરિસરને કોર્ડન કરી લીધું હતું અને ખૂણે-ખૂણાની સઘન તપાસ હાથ ધરી હતી. અંદાજે બપોરે ૨:૧૫ વાગ્યા સુધી તપાસમાં કોઈ પણ શંકાસ્પદ કે આપત્તિજનક વસ્તુ મળી આવી ન હતી.

સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર મહાનગરપાલિકા પરિસરની ઝીણવટભરી તપાસ પૂર્ણ કર્યા બાદ જો કશું આપત્તીજનક નહિ મળે તો બિલ્ડિંગને સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવશે.પોલીસે હાલ આ ફેક ઈ-મેઈલના સ્ત્રોત અંગે આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે.

# મહુવાના શિક્ષક દંપતી સાથે રૂ.૯૪.૫૮ લાખની ઠગાઈ

## સાડીના ધંધામાં રોકાણના નામે વૈશાલી સાડી ફેશનના ઓઠા હેઠળ માસીયાઈ ભાઈ અને તેની ટોળકીએ આચરી છેતરપિંડી; નોકરીની આજીવન બચત ગુમાવી

ભાવનગર,ત.૧૭

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નાના પીપળવા ગામે રહેતા અને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા છગનભાઈ સોમાતભાઈ શિયાળ સાથે સાડીના વ્યવસાયમાં ઊંચા વળતરની લાલચ આપી રૂ. ૯૪,૫૮,૦૦૦/- ની વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાની ચોંકાવનારી ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. શિક્ષક દંપતીએ ભવિષ્યમાં શહેરમાં મકાન લેવા માટે નોકરી દરમિયાન કરેલી આજીવન બચત ઠગ ટોળકી ઓળવી ગઈ છે.

ફરિયાદની વિગત મુજબ, ફરિયાદી છગનભાઈના દૂરના માસીયાઈ ભાઈ રણછોડભાઈ વિરાભાઈ ઢાપા અને તેમના પુત્ર ગોવિંદભાઈએ જણાવ્યું હતું કે, તેઓ ગામમાં 'વૈશાલી ફેશન' નામે સાડી અને ઈમિટેશનનો ધંધો કરે છે. આ ધંધામાં રોકાણ કરવાથી મોટો નફો મળશે તેવી ખાતરી આપતા શિક્ષકે વર્ષ ૨૦૨૧માં પ્રથમ રૂ. ૩,૦૦,૦૦૦/- આપ્યા હતા. ત્યારબાદ ગોવિંદ અને તેના ભાઈ કિશોરે ધંધાના વિકાસ માટે અવારનવાર નાણાંની માંગણી કરતા, શિક્ષકે પોતાના જીપીએફ બેંક ખાતાના સેલ્ફ ચેક અને રોકડા મળીને કુલ રૂ. ૧૯,૮૩,૦૦૦/- આ બાપ-દીકરાની ત્રિપુટીને આપ્યા હતા.ગોવિંદે શિક્ષકને વધુ નફાની લાલચ આપી સુરતના પુણા ગામ ખાતે સાડીનો મોટો વેપાર કરતા રાજેશ લાલજીભાઈ બુટાણી સાથે મુલાકાત કરાવી હતી. ગોવિંદના કહેવાથી શિક્ષકે રાજેશ બુટાણીને પણ કટકે-કટકે રૂ. ૩૧,૦૦,૦૦૦/- આપ્યા હતા. ત્યારબાદ ગોવિંદે અન્ય એક શિક્ષક સનદભાઈ (રહે. મોણપર) સાથે ઓળખાણ કરાવી મસાલા અને સાડીના ધંધાના નામે રૂ. ૨૭,૨૫,૦૦૦/- તથા જીતુભાઈ છગનભાઈ મકવાણા (રહે. ડોળીયા) સાથે ઓળખાણ કરાવી રૂ. ૯,૫૦,૦૦૦/- નું રોકાણ કરાવ્યું હતું.આરોપીઓએ ઉઘરાણીના સમયે માત્ર ખોટા વાયદા કર્યા હતા. સુરતના વેપારીએ રૂ. ૨૨ લાખનો માલ આપવાનું નોટરી એફિડેવિટ કર્યું હતું અને જીતુભાઈએ પ્લોટનું બાનાખત કરી આપ્યું હતું, પરંતુ આજદિન સુધી શિક્ષકને ન તો માલ મળ્યો, ન પ્લોટ કે નાણાં પરત મળ્યા. શિક્ષક છગનભાઈના ઘરે નાણાંની લેતી-દેતી વખતે થયેલા લખાણો અને સીસીટીવી ફૂટેજ જેવા પુરાવા તપાસ અર્થે પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસે આ મામલે રણછોડ ઢાપા, ગોવિંદ ઢાપા, કિશોર ઢાપા, રાજેશ બુટાણી, સનદભાઈ અને જીતુભાઈ મકવાણા વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૦૯ અને ૧૧૪ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હવાઈ યાત્રી કૃપયા ધ્યાન દે !

# ભાવનગર નવી મુંબઈની ફ્લાઈટના સમયમાં ફેરફાર



ભાવનગર,તા.૧૭

ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે મુસાફરી કરતા હવાઈ મુસાફરો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. નવી મુંબઈ-ભાવનગર-નવી મુંબઈ રૂટ માટેનું પુનઃસંશોધિત ફ્લાઈટ સમયપત્રક અને કામગીરીના દિવસો ઈન્ડિગો એર લાઈન્સ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. આ નવો શિડ્યુલ ગઈકાલ તા. ૧૬-જૂનથી સત્તાવાર રીતે અમલમાં આવી ગયો છે, જેનાથી બંને બાજુના વ્યાપારીઓ અને પ્રવાસીઓને હવાઈ યાત્રામાં અસર કરશે.

નવા સમયપત્રક મુજબ અઠવાડિયાના સાતેય દિવસોને ત્રણ અલગ-અલગ ભાગમાં વહેંચીને ફ્લાઈટોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ શેડ્યૂલ અંતર્ગત મંગળવાર અને બુધવારે સવારની ફ્લાઈટ રહેશે, જેમાં નવી મુંબઈથી સવારે ૦૭:૦૦ વાગ્યે ઉપડીને ફ્લાઈટ ૦૮:૧૫ વાગ્યે ભાવનગર પહોંચશે. જ્યારે વળતી ફ્લાઈટ ભાવનગરથી સવારે ૦૮:૩૫ વાગ્યે પ્રસ્થાન કરીને ૦૯:૩૫ વાગ્યે નવી મુંબઈ પરત ફરશે.

બીજા શેડ્યૂલ મુજબ ગુરુવાર, શનિવાર અને રવિવારના દિવસોમાં મુસાફરોને સવાર અને સાંજ એમ બંને સમયની ફ્લાઈટનો લાભ મળશે. આ દિવસોમાં સવારનો સમય મંગળવાર-બુધવાર જેવો જ રહેશે, જ્યારે સાંજના સમયે નવી મુંબઈથી ૧૯:૫૫ વાગ્યે ફ્લાઈટ ઉપડીને ૨૧:૦૫ વાગ્યે ભાવનગર પહોંચશે, અને ભાવનગરથી રાત્રે ૨૧:૨૫ વાગ્યે ઉપડીને ૨૨:૩૦ વાગ્યે નવી મુંબઈ પહોંચશે.ત્રીજા શેડ્યૂલ પ્રમાણે સોમવાર અને શુક્રવારના દિવસોમાં માત્ર સાંજના સમયની ફ્લાઈટોનું સંચાલન કરવામાં આવશે, જેનો સમય પણ નવી મુંબઈથી ૧૯:૫૫ વાગ્યે ઉપડીને ૨૧:૦૫ વાગ્યે ભાવનગર પહોંચવાનો અને ભાવનગરથી ૨૧:૨૫ વાગ્યે ઉપડીને ૨૨:૩૦ વાગ્યે નવી મુંબઈ પહોંચવાનો રહેશે. અત્રે નોંધનીય છે કે આ સમયપત્રકમાં નિયમનકારી અધિકારીઓની મંજૂરી અનુસાર ભવિષ્યમાં ફેરફાર થઈ શકે છે.

## અઠવાડિયાના અલગ-અલગ દિવસોએ સવાર અને સાંજની ફ્લાઈટો દોડશે : ઈન્ડિગો દ્વારા સત્તાવાર રીતે નવા ટાઈમ ટેબલનો અમલ